Office of the District Magistrate
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી જામનગર જિલ્લા
સત્યમેવ જયતે
ગુજરાત રાજ્ય
Jamnagar District

નં.ડીએમ/લો.સ.ચટણ/૦૮/૨૦૨૪
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, જામનગર
તા.૧૬ /૦૩/૨૦૨૪

**શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ ની કલમ-૨૨(૧)(ખ) હેઠળનો હુકમ**

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ નું મતદાન જામનગર જિલ્લામાં તા.૦૭/૦૫/૨૦૨૪ ના રોજ થનાર છે. ભારતના ચૂંટણી પંચ દ્વારા ચૂંટણી યોજવા અંગેની જાહેરાત તા.૧૬/૦૩/૨૦૨૪ના રોજ કરવામાં આવેલી છે. આ તારીખથી સમગ્ર રાજ્યમાં આદર્શ આચારસંહિતા લાગુ પડેલી છે. ચૂંટણી અનુસંધાને ઉમેદવાર કે સંભવિત ઉમેદવાર કે કોઇપણ રાજકીય પક્ષ કે કોઇપણ વ્યક્તિ/સંસ્થા દ્વારા ચૂંટણી સબંધી સભા, સરઘસ/રેલી કે તેવો કોઇપણ કાર્યક્રમ યોજવામાં આવશે. આ ચૂંટણીનું મતદાન મુકત, ન્યાયી અને શાંતિપુર્ણ વાતાવરણમાં યોજાય તે જોવાનો ચૂંટણીપંચનો અભિગમ રહેલો છે. આથી સમગ્ર જિલ્લામાં જાહેર સુલેહશાંતિ અને કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે માટે પગલા લેવાનું ઉચિત જણાયેલ છે. ચૂંટણી સબંધિ કાર્યક્રમોમાં અને જાહેર સ્થળોએ લોકો તેમના પરવાનાવાળા હથિયાર સાથે રાખીને એકઠા થાય કે પસાર થાય તો લોકોમાં ભયમુક્ત વાતાવરણ ઉભુ કરવાનો હેતુ જળવાઇ રહે નહી. વધુમાં મતદાનની પ્રક્રિયા તેમજ મત ગણતરીની પ્રક્રિયા શાંતિપુર્ણ વાતાવરણમાં પુરી કરી શકાય તે માટે પરવાનાવાળા હથિયારો ચૂંટણી પ્રક્રિયા પુર્ણ થાય ત્યાં સુધી સબંધિત પોલીસ સ્ટેશન ખાતે જમા લેવાનું વ્યાજબી અને યોગ્ય જણાય છે.

તેથી હું, **બી. કે.પંડ્યા** આઇ.એ.એસ., **જિલ્લા મેજીસ્ટ્રેટ, જામનગર,** શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ ની કલમ-૨૨(૧)(ખ) તળે મને મળેલ સત્તાની રૂએ, આથી ફરમાવુ છું કે : જામનગર જિલ્લાના આત્મરક્ષણના તથા પાકરક્ષણના તમામ પરવાનેદારો (અપવાદ સિવાયના)એ તેમના હથિયાર પરવાનાઓ દિવસ-૭ માં સબંધિત પોલીસ સ્ટેશનમાં જમા કરાવી તે અંગેની પહોંચ મેળવી લેવી. (પોલીસ સ્ટેશન તરફથી સુચના મળવાની રાહ જોયા વિના આ હુકમને સુચના ગણી હથિયારો જમા કરાવી દેવાના રહેશે.)

**-:અપવાદો:-**

૧. જામનગર જિલ્લામાં ફરજ બજાવતા તમામ મેજિસ્ટ્રેટશ્રીઓ, કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકારના તમામ અધિકારી/કાર્મચારીઓ, કે જેઓને કાયદા મુજબ હથિયાર (સરકારી કે અંગત) ધારણ કરવાની મંજુરી આપેલ છે અથવા પરવાનો ધરાવે છે તેમને અથવા ચૂંટણીની ફરજ ઉપર હોય તેમને લાગુ પડશે નહી.
૨. બેંકના રક્ષણ માટે બેંકના મેનેજરશ્રીના હોદાની રૂએ પરવાનો મંજુર કરાયેલ હોય તે પરવાના અન્વયેના હથિયારોને લાગુ પડશે નહી.
૩. માન્યતા ધરાવતી સિક્યુરીટી એજન્સીઓના ગનમેન, કે જેઓ રાષ્ટ્રીયકૃત, સહકારી કે કોમર્શીયલ બેન્કો, એ.ટી.એમ. તથા કરન્સી ચેસ્ટ લેવડ-દેવડ કરતા હોય તેવા હથિયારધારી ગાર્ડને તેમના હથિયાર જમા કરાવવા માંથી મુક્તિ આપવામા આવે છે. આવા સિક્યુરીટી ગાર્ડોએ તેઓ બેન્કમાં ફરજ બજાવતા હોવાનું સંબધિત બેન્ક મેનેજરનું પ્રમાણપત્ર તેઓના ફોટોગ્રાફ સાથેનું પોતાની પાસે રાખવાનું રહેશે.
૪. મોટા ઔધોગીક એકમો, જાહેર સાહસો, બોર્ડ/નિગમની સલામતી માટે જે તે એકમના સંચાલક/જવાબદાર અધિકારીના નામે મંજુર કરાયેલ પરવાના અન્વયેના હથિયારો.
૫. જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટે ખાસ પરવાનગી આપેલ હોઇ તેઓને લાગુ પડશે નહિ.

વધુમાં આથી આદેશ કરુ છું કે, ઉપરોકત તમામ હથિયારો ચૂંટણી પ્રક્રિયા પુર્ણ થવાની **તા.૦૬/૦૬/૨૦૨૪** પછી દિવસ-૭ માં સબંધિત તમામ પરવાનેદારોને પરત સોંપી આપવા અંગેની કાર્યવાહી સંબંધિત પોલીસ સ્ટેશનના અધિકારીએ પૂર્ણ કરી લેવાની રહેશે. આવા હથિયારો સમયસર પરત મેળવી લેવાની જવાબદારી સબંધિત પરવાનેદારની રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ ની કલમ-૩૦ તથા ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરાનામાના ભંગ બદલ પગલા લેવા માટે સબંધિત વિસ્તારના થાણાના હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાના ભંગ કરનાર ઇસમો વિરૂદ્ધ ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ (૪૫માં અધિનિયમ)ની કલમ-૧૮૮ અન્વયે ફરિયાદ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમની જાહેરાત જામનગર જિલ્લાની હદમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોડીને તેમજ વર્તમાન પત્રો દ્વારા કરવી.

આજ તા.**૧૬** **માહે : માર્ચ, ૨૦૨૪**ના રોજ મારી સહી તથા કચેરીની મોહર લગાડી આ જાહેનામું બહાર પાડ્યુ.

(બી. કે. પંડયા)
જિલ્લા મેજીસ્ટ્રેટ
જામનગર

નકલ રવાના:-

૧) પોલીસ અધિક્ષકશ્રી, જામનગર.

૨) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, જામનગર (શહેર/ગ્રામ્ય)/લાલપુર/ધ્રોલ)

૩) પોલીસ અધિક્ષકશ્રી, જામનગર

....સદરહુ હુકમની તાબાના પોલીસ સ્ટેશને જાણ કરવા તથા હુકમની જાહેરાત લાઉડ સ્પીકરવાળા વાહનો દ્વારા કરાવીને જાહેર સ્થળોએ તેની નકલો ચોંટાડીને બહોળી પ્રસિદ્ધિ કરાવવી તેમજ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના અધિકારીઓને આ જાહેરનામાં મુજબ સુનિશ્ચિત કરવા જરૂરી કાર્યવાહી કરવા તથા તમામ પોલીસ સ્ટેશનોની માહિતી એકત્ર કરી અહેવાલ મોકલવા સારું.

૪) જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, જામનગર

૫) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જામનગર

૬) મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, ૧૨-જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૭૬-કાલાવડ (અ.જા) વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, ધ્રોલ

૭) મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, ૧૨-જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૭૭-જામનગર (ગ્રામ્ય) વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, જામનગર (ગ્રામ્ય)

૮) મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, ૧૨-જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૭૮-જામનગર ઉત્તર વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, જામનગર (શહેર)

૯) મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, ૧૨-જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૭૯-જામનગર દક્ષિણ વિધાનસભા મતદાર વિભાગ અને જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, જામનગર

૧૦) મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, ૧૨-જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૮૦-જામજોધપુર વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, લાલપુર

૧૧) વિભાગીય પોલીસ અધિકારીશ્રી,જામનગર(શહેર/ગ્રામ્ય)

૧૨) મામલતદારશ્રી, જામનગર (શહેર/ગ્રામ્ય)/કાલાવડ/લાલપુર/જોમજોધપુર/ધ્રોલ/જોડીયા

૧૩) થાણા ઇન્ચાર્જશ્રી, ...................... પો. સ્ટેશન, જિ.જામનગર (તમામ)

૧૪) નાયબ માહિતી નિયામકશ્રી, જામનગર

... સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિદ્ધિ અપાવવા વિનંતી સહ.

૧૫) મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ

... રાજયના અસાધારણ રાજયપત્રમાં પ્રસિદ્ધિ અપાવી તેની પાંચ નકલો અત્રેને મોકલી આપવા વિનંતી સહ.

૧૬) માન્ય રાજકીય પક્ષો (મારફતે : નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, જામનગર)

નકલ સવિનય રવાના:-

૧) મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી,
ગુજરાત રાજ્ય, સામાન્ય વહીવટ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર

૨) નાયબ સચિવશ્રી,
ગૃહ વિભાગ, ગુજરાત સરકાર,
સચિવાલય, ગાંધીનગર

૩) રજીસ્ટ્રારશ્રી, પ્રિન્સીપાલ ડીસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજશ્રી, જામનગર

Office of the District Magistrate
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી જામનગર જિલ્લો
सत्यमेव जयते
ગુજરાત રાજ્ય
Jamnagar District